॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## નિમંત્રણ પત્રિકા



વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ 200
૩ થી ૯ નવેમ્બર, ૨૦૧૯

અબજીબાપા શતામૃત મહોત્સવ 175
૩ થી ૯ નવેમ્બર, ૨૦૧૯

# વચનામૃત દ્વિશતાબ્દી અને અબજીબાપા શતામૃત મહોત્સવ

શ્રી અબજીબાપાની છતેડી
બળદિયા-કચ્છ

: પ્રારંભ :
તા. ૩-૧૧-૨૦૧૯
કારતક સુદ-૭

: પૂર્ણાહુતિ :
તા. ૯-૧૧-૨૦૧૯
કારતક સુદ-૧૨

: આયોજક એવં નિમંત્રક :

## શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર

મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ





બાપાશ્રીના પ્રાદુર્ભાવ પહેલા બળદિયા ગામની કાળી તલાવડીના કાંઠા પર દેવબાને શ્રીજીમહારાજ દર્શન આપી વરદાન આપે છે કે, "અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય, તે તમારે ત્યાં પ્રગટ થશે અને અસંખ્ય જીવનો ઉધ્ધાર કરશે. અને અબ પ્રગટ થશે માટે અબજી એવું નામ ધારજ્યો." તેના ફળસ્વરૂપે અબજીબાપાશ્રી સંવત ૧૯૦૧ના કારતક સુદ પ્રબોધિની એકાદશીની રાત્રે ૯.૧૦ કલાકે પ્રગટ થયા.

"જ્યાં શ્રીજીમહારાજે માતુશ્રી દેવબાને અમારા પ્રાગટ્યનો વર આપ્યો તે જ ઠેકાણે અમારું જન્મસ્થાન છે, ત્યાં અમે છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યા છે."

- અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી





" આ છત્રી તથા આ સ્થાનનાં જે દેવ તથા મનુષ્યો દર્શન કરશે અને
ઉપર થઈને પક્ષી ઊડીને જશે તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું."

- અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા


# અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા
# શતામૃત મહોત્સવ


શ્રી અબજીબાપાની છતેડી

બળદિયા - કચ્છ





અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાની દિવ્ય સ્મૃતિરૂપ છત્રી







# શ્રીમુખવાણી વચનામૃત
# દ્વિશતાબ્દી મહોત્સવ





# શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર રજત જયંતી મહોત્સવ



## સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

જેતલપુર મંદિરનું મહંતપદ શોભાવનાર અને **શ્રીમુખવાણી વચનામૃત ગ્રંથ** ઉપરની **વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા** તથા **અબજીબાપાશ્રીની વાતો**નો સંગ્રહ કરી ને ગ્રંથ સ્વરૂપે છપાવી સમગ્ર માનવજીવનના આધ્યાત્મિક ઉર્ધ્વગમનના પથદર્શક કરુણામૂર્તિ નીડર સિદ્ધાંતવાદી અનાદિમુક્ત સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી



## સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

ધોળકા મંદિરનું મહંતપદ શોભાવનાર અને અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની પરમ કૃપાથી **શ્રીજીમહારાજનો સાક્ષાત્ અનુભવ કરનાર**, સારાયે સત્સંગમાં અનુભવસિદ્ધ દિવ્ય વાણીથી શ્રીજીમહારાજની મૂર્તિનો રસ રેલાવી મૂર્તિના સુખની લ્હાણી કરનાર અનાદિમુક્ત સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી



## સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી

ભૂજ મંદિરમાં રહી દેવોની પ્રગટભાવે સેવા કરનાર, નિરાવરણ દૃષ્ટા અને **શ્રી પુરૂષોત્તમ લીલામૃત સુખસાગર** તથા **અનાદિમુક્ત ચરિત્રામૃત ગ્રંથ** રચનાર અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની **સર્વોપરિતાની પદ-રચના** કરીને સૌને દિવ્યાનુભૂતિ કરાવનાર અનાદિમુક્ત સ. ગુ. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

અમદાવાદ (કાલુપુર) મંદિરમાં રહી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું પ્રતિપાદન કરતો દળદાર **શિક્ષાપત્રી રહસ્યાર્થ** ગ્રંથ તથા **શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત**ની રચના કરી સહુને દિવ્ય મૂર્તિમાં જોડી સુખિયા કરનાર આદર્શ સાધુતા સહજ પ્રતિલોમ વૃત્તિ, તીવ્ર વૈરાગ્ય, અતિ નિઃસ્પૃહીપણું તથા **ઉત્તમ કોટિનું સંતત્વ ધરાવનાર** અનાદિમુક્ત સ. ગુ. શ્રી મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



## અ.મુ.શ્રી કાનજીબાપા



## અ.મુ.શ્રી મનજીબાપા

**" સ્વામી અમને થાય છે એમ, રહો મહિનો અહી જ તેમ,**
**બાપાશ્રીનું અંતર્ધાન સ્થાન, છત્રી કરાવો ત્યાં મહાન,**
**કાનજીભાઈ ને ભાઈ મનજી, ખર્ચ આપશું કહે થઇ રાજી,**
**કરો દયા બંને સદગુરુ, રોકાઈને કરો કામ પૂરું, "**

(અ. મુ. ચરિ. ૪૧-૪૪/૧૨૧)

એમ બાપાશ્રી સ્થાપિત ચરણાવિંદ છત્રી, બાપાશ્રીની સ્મૃતિરુપ છત્રી, હનુમાનજી મંદિર અને જેની રજે રજમાં દિવ્યતા ભરી છે એવી આ છતેડીની દિવ્યભૂમી બાપાશ્રીના પુત્ર અ. મુ. શ્રી કાનજીબાપા તથા અ. મુ. શ્રી મનજીબાપાએ મંદિર નિર્માણ માટે શ્રીહરિઅર્પણ કરી **શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજીનું મંદિર ટ્રસ્ટ**ની રચના કરવામાં આવી.



## અ.મુ.શ્રી સોમચંદબાપા

પ. પૂ. અનાદિમુક્ત બાપાશ્રી દ્વારા 'આ અમારા ગરીબડા સેવક'નું બિરુદ પામનાર, નૈષ્ઠિકવ્રત પાલન કરનાર, શ્વેતવસ્ત્રધારી યતિ સંત અને સત્સંગ પોષણ માટે અવિરત વિચરણ કરનાર અને બાપાશ્રીને વિષે દિવ્યતાનો સાક્ષાત્ અનુભવ કરી **અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર** ગ્રંથ રચનાર કરુણામૂર્તિ અનાદિમુક્ત શ્રી સોમચંદબાપા



## અ. મુ. શ્રી જાદવજીબાપા



## અ. મુ. શ્રી નારાયણભાઈ

બાપાશ્રીના પૌત્ર અનાદિમુક્ત શ્રી જાદવજીબાપા અને શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનના આદ્ય સંસ્થાપક અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતધારી અનાદિમુક્ત શ્રી નારાયણભાઈની પ્રત્યક્ષપણાની હાજરી સૌને દિવ્ય સંભારણા રૂપે તેમજ 'છેલ્લા જન્મના આશીર્વાદ'ની 'અમીવર્ષા વાણી' દ્વારા મૂર્તિની પ્રત્યક્ષ અનુભૂતિ સૌને કરાવેલ છે અને શિક્ષણ, સંસ્કારધામ તેમજ શ્રી છત્રી સ્થાનનો અનેકવિધ વિકાસ તેમજ જાળવણી દ્વારા સૌને ઉચ્ચત્તમ આધ્યાત્મિક માર્ગે સર્વોચ્ચ સ્થિતિના આશીર્વાદ આપીને મૂર્તિમાં રસબસ કર્યા છે એવા અનાદિમુક્ત શ્રી જાદવજીબાપા અને અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः

**સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન, અનાદિ મહામુક્તરાજ પ. પૂ. શ્રી અબજીબાપા, સદ્‌ગુરુઓ તથા સમર્થ મુક્તોના પરમ કૃપાપાત્ર**

**અનાદિમુક્ત શ્રી.....**

શ્રીહરિની દિવ્ય સ્મૃતિ સહ જણાવવાનું કે કચ્છ પ્રદેશમાં વૃષપુર (બળદિયા) મુકામે શ્રીજીમહારાજે કાળી તલાવડીને કાંઠે દેવબાને દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યા અને અતિ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું. ત્યારે દેવબાએ શ્રીજીમહારાજને અતિશે રૂપાળા જોઈ કહ્યું, "તમ જેવા પુત્ર ખપે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "અમ જેવા તો અમે એક જ છીએ, પણ અમારા અનાદિમુક્ત અમારા તુલ્ય જ કહેવાય, તે તમારે ત્યાં અમારા સંકલ્પથી પ્રગટ થશે અને અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે." તેના ફળસ્વરૂપે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી સંવત ૧૯૦૧ના કારતક સુદ પ્રબોધિની એકાદશીને તા. ૨૦-૧૧-૧૮૪૪ની રાત્રે ૯-૧૦ કલાકે પ્રગટ થયા.

પરમ કૃપાળુ શ્રી અબજીબાપાએ ૮૪ વર્ષ આ પૃથ્વી પર રહી અનેક મુમુક્ષુઓને શ્રીજીમહારાજનો પ્રત્યક્ષ સંબંધ કરાવી દીધો. શ્રીજીમહારાજ મુખકમલ નિઃસૃત વચનામૃતોના હાર્દને જેમ છે તેમ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા દ્વારા સમજાવ્યો તેમજ શ્રી અબજીબાપાશ્રીની વાતો દ્વારા શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સત્સંગમાં સુદૃઢ કરાવ્યું અને આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું સર્વોચ્ચ પદ જે અનાદિમુક્તની સ્થિતિ તેની સમજ આપી અનેકને તે સ્થિતિ ચરિતાર્થ કરાવી. તેઓશ્રીની અસાધારણ દિવ્ય સ્થિતિને લઈને અનેક યોનિઓના જીવો મોક્ષભાગી થયા છે. શ્રીજીમહારાજે પ. પૂ. બાપાશ્રીના પ્રાકટ્યના આશીર્વાદ જે સ્થળે આપેલા તે સ્થળે પ. પૂ. બાપાશ્રીએ અનેક કલ્યાણકારી યજ્ઞો કર્યાં છે. તેમજ શ્રીજીમહારાજના પ્રસાદીના ચરણારવિંદ પધરાવી છત્રી બનાવડાવી અને આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપી એક અદ્વિતિય તીર્થસ્થાનની સ્થાપના કરી છે.

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનો પ્રત્યક્ષ જોગ કરી અ.મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, અ.મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી, અ.મુ. સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી, અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી તથા અ.મુ. શ્રી સોમચંદબાપાએ તેમના દિવ્યજીવન અને દિવ્યવાણીને આ ભૂમિમાં રહી ગ્રંથસ્થ કરી, કારણ સત્સંગના સિદ્ધાંતો ઉજાગર કરી સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કર્યો છે.

આવી ભૂમિમાં મંદિર નિર્માણ માટે બાપાશ્રીના પુત્રો અ.મુ. શ્રી કાનજીબાપા તથા અ.મુ. શ્રી મનજીબાપાએ આ ભૂમિ શ્રીહરિઅર્પણ કરી. તેમજ અ.મુ. શ્રી જાદવજીબાપા અને અ.મુ. શ્રી નારાયણભાઈએ 'શ્રી અબજીબાપા સંસ્કારધામ' તેમજ 'શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર'નું નિર્માણ કરી અને આ દિવ્ય સ્થાનનો અનેકવિધ વિકાસ અને જાળવણી કરી અનેક મોક્ષભાગી આત્માઓને મુક્તિ અને ભુક્તિ આપી આપણ સૌને ઋણી કર્યા છે.

આવા મહાપ્રતાપી, અદ્‌ભુત, અદ્વિતીય અનાદિ મહામુક્તરાજ પ.પૂ. શ્રી અબજીબાપાના પ્રાકટ્યને સંવત ૨૦૭૬ કારતક સુદ પ્રબોધિની એકાદશીને તા. ૮-૧૧-૨૦૧૯ના રોજ **૧૭૫ વર્ષ** પૂર્ણ થાય છે વળી સુભગ સમન્વય એવો છે કે શ્રીજીમહારાજે પોતાના સ્વમુખે જે સર્વોપરી અધ્યાત્મ વાણીનું વચનામૃતમ્ સ્વરૂપે પાન કરાવ્યું તેને **૨૦૦ વર્ષ** પૂર્ણ થઈ રહ્યા છે. તેમજ સ. ગુ. શ્રી હરિજીવનદાસજી સ્વામી, અનાદિ મુક્તરાજ પ.પૂ. શ્રી જાદવજીબાપા અને અનાદિ મુક્તરાજ પ.પૂ. શ્રી નારાયણભાઈએ શરૂ કરાવેલ શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટરને **૨૫ વર્ષ** પૂરા થઈ રહ્યા છે. આમ શ્રી અબજીબાપા શતામૃત પર્વ, શ્રીમુખવાણી વચનામૃતમ્ દ્વિશતાબ્દી પર્વ અને શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર રજત જયંતી પર્વ એમ ત્રિવેણી સંગમ રૂપ આ મહાપર્વે દિવ્યભૂમિ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા મુકામે સંવત ૨૦૭૬ કારતક સુદ-૭ રવિવાર તા. ૩-૧૧-૨૦૧૯ થી કારતક સુદ-૧૨ શનિવાર તા. ૯-૧૧-૨૦૧૯ સુધી એમ સાત દિવસીય ભવ્યાતિભવ્ય ને દિવ્યાતીદિવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અને આ પ્રસંગે સર્વોપરી ગ્રંથ શ્રીમુખવાણી શ્રી વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા મહાગ્રંથની પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવશે.

આ મહોત્સવ પ્રસંગે અમદાવાદ, વડતાલ, મૂળી, ગઢડા, જુનાગઢ તથા કચ્છ દેશના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોના દર્શન-સમાગમ-વક્તવ્યનો લાભ મળશે. આ દિવ્ય પ્રસંગે કથા-વાર્તા તથા ભોજનરૂપી મહાપ્રસાદનો લાભ લેવા આપને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

**લિ. દર્શનાભિલાષી**

**સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી આદિ સંતમંડળ, ટ્રસ્ટીમંડળ તથા છતેડી સંસ્થાના હેતવાળા હરિભક્તોના જય સ્વામિનારાયણ**

**પારાયણના વક્તાશ્રી**

**સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી ગુરુ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી**

## મહોત્સવ કાર્યક્રમ

### ઉત્સવ

પ્રારંભ તા. ૩/૧૧/૨૦૧૯ રવિવાર સવારે ૭ કલાકે
પૂર્ણાહુતિ તા. ૯/૧૧/૨૦૧૯ શનિવાર સવારે ૧૧ કલાકે

### પોથીયાત્રા

તા. ૩-૧૧-૨૦૧૯ રવિવાર સવારે ૭ કલાકે - બહેનોનું મંદિર ( છત્રી વાળુ ) બળદિયા ગામમાંથી

### કથામૃત

સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ સાંજે ૩:૩૦ થી ૫:૩૦

### પ્રવચન માળા

સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ સાંજે ૫:૩૦ થી ૬:૩૦

### વચનામૃત દ્વિશતાબ્દી ઉજવણી

તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર સવારે ૧૦:૪૫ કલાકે

### શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર રજત જયંતી ઉજવણી

તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર સાંજે ૫ કલાકે

**શ્રી અબજીબાપા પ્રાગટ્યોત્સવ**

સં. ૨૦૭૬ કારતક સુદ પ્રબોધિની એકાદશીને
તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર રાત્રે ૯:૧૦ કલાકે

# મહોત્સવ કાર્યક્રમ

## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન

તા. ૩-૧૧-૨૦૧૯ રવિવાર થી તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર

સવારે ૮ થી ૧૧ બપોરે ૩:૩૦ થી ૬

## રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ

તા. ૩-૧૧-૨૦૧૯ રવિવાર રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ - સાંખ્યોગી બહેનો પ્રેરિત કાર્યક્રમ

તા. ૪-૧૧-૨૦૧૯ સોમવાર રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ - શ્રી ઘનશ્યામ એકેડેમીના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ

તા. ૫-૧૧-૨૦૧૯ મંગળવાર રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ - શ્રી સ્વામિનારાયણ પ્રા. તથા મા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ

## શ્રીહરિયાગ

તા. ૬-૧૧-૨૦૧૯ બુધવાર થી તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર સવારે ૮ થી ૧૨ કલાકે

## ઠાકરથાળી

તા. ૬-૧૧-૨૦૧૯ બુધવાર રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ કલાકે

## શોભાયાત્રા

તા. ૭-૧૧-૨૦૧૯ ગુરુવાર રાત્રે ૭ થી ૯:૩૦ કલાકે

## અભિષેક

તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર સવારે ૬:૩૦ થી ૭:૩૦ કલાકે

## મહાપૂજા

તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર સવારે ૭:૩૦ થી ૮:૩૦ કલાકે

## અન્નકૂટ

તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ કલાકે

## ગ્રંથ વિમોચન

શ્રી અબજીબાપાની છતેડી પ્રકાશિત ગ્રંથોનું વિમોચન તા. ૮-૧૧-૨૦૧૯ શુક્રવાર સવારે ૧૦:૩૦ કલાકે

॥ શ્રી સહજાનંદાય નમઃ ॥

# મૂર્તિ એ જ સર્વસ્વ

સર્વ સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે.

જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ
અને આનંદના ફુવારા આવે છે.

જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યસ્વરૂપે
અને પ્રતિમારૂપે દર્શન આપે છે.

મૂર્તિ વિનાનો અમારે બીજો એકેય ઠરાવ નથી
સૌને મૂર્તિમાં રાખવા છે.

- અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અબજીબાપા શતામૃત મહોત્સવ



## 175

**૩ થી ૯ નવેમ્બર, ૨૦૧૯**


આયોજક એવં નિમંત્રક :

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ -370427 Ph. : 02832 282253, 282553 M. 90990 49285

Website : www.abjibapanichhatedi.org Email : info@abjibapanichhatedi.org


**લાઈવ પ્રસારણ**

ચેનલ સદ્વિદ્યા TV

YouTube

www.YouTube.com/AbjibapaniChhatedi